| | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૩ | ૦૨ | ૨૦૨૬ |
| નોંધ્યા તારીખ | ૨૩ | ૦૨ | ૨૦૨૬ |
| ફેંસલ તારીખ | ૨૭ | ૦૪ | ૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૨ | ૦૪ |

**મે. ચોથા એડિશનલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની અદાલતમાં**

**ગાંધીધામ–કચ્છ.**

**ફોજદારી રિવિઝન અરજી નં.૦૯/૨૦૨૬**

**આંક :**

અરજદાર : – પાર્થ લોજીસ્ટીક વતી તેના પ્રોપરાઈટર
ધીરજ કરશન આગરીયા
રહે. મોમાયનગર, ગામ.અંતરજાળ,
તા.ગાંધીધામ–કચ્છ.

**વિરૂઘ્ઘ**

સામાવાળા : – શ્રી ગુજરાત સરકાર.

**બી.એન.એસ.એસ.ની કલમ–૪૩૮ અન્વયે રિવિઝન અરજી**

**અરજદાર તર્ફે વિ.વ.શ્રી એમ.બી.ડાંગર**

**સામાવાળા– સરકાર તર્ફે વિ. એ.પી.પી.સુશ્રી એચ.પી.ગઢવી**

**–: ઠ રા વ :–**

(૧) અરજદારે હાલની રિવિઝન અરજી ગાંધીધામના વિઘ્વાન એડી. ચીફ જ્યુડી. મેજી.શ્રી નાઓએ ફો.પ.અ.નં.૩૯/૨૬ ના કામે તા.૧૩–૦૨–૨૦૨૬ ના રોજ કરેલ હુકમથી નારાજ થઈ હાલની રિવિઝન અરજી દાખલ કરેલ છે.

(૨) હાલની રિવિઝન અરજીના અરજદારે ગાંધીધામના મે. એડી.ચીફ જયુડી. મેજી.શ્રીની કોર્ટમાં ગાંધીધામ ''બી'' ડીવી. પો.સ્ટે. ફ.ગુ.ર. નં.૧૧૯૯૩૦૦૭૨૫૦૧૪૬/૨૫ ના કામે બી.એન.એસ.ની કલમ-૨૮૦,૨૮૭,૫૪ મુજબના ગુનાના કામે કબજે કરવામાં આવેલ મુદામાલ હાઈ સ્પીડ ડીઝલ બીએસ૬ આશરે ૨૪.૮૯૫ લીટર જથ્થો વચગાળાની કસ્ટડી તરીકે પરત મેળવવા ફો.પ.અ.નં.૩૯/૨૬ થી દાખલ કરેલ, જે અરજી નામ.કોર્ટે તા.૧૩-૦૨-૨૬ ના રોજ નામંજુર કરેલ હોય હાલની રીવીઝન અરજી દાખલ કરેલ છે. વધુમાં રીવીઝન અરજીની હકીકતોમાં જણાવેલ છે કે, તેઓ ટ્રાન્સપોર્ટનો ધંધો કરે છે અને તેમના અંગત વાહનોના ઉપયોગ માટે કન્ઝયુમર પેટ્રોલપંપ ચાલી પોતાનું ગુજરાન ચલાવે છે. ઉપરોકત માલ ખરીદયા બાબતનું બીલની નકલ રજુ કરેલ છે. તેઓએ કાયદેસર રીતે ૨૪.૮૯૫ લીટર જેટલું હાઈ સ્પીડ ડીઝલ બીએસ૬ રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ પાસેથી ખરીદ કરેલ છે અને તેમની માલીકીનું છે. અરજદારની માલીકીના નામે અંગત વાહનોના વપરાશ માટેના કન્ઝયુમર પેટ્રોલપંપમાં આવેલ મુદામાલ પેટ્રોલીયમ પદાર્થનો જથ્થો ૨૪.૮૯૫ લીટર સીલ કરેલ હોઈ, અરજદાર પોતાના વાહનમાં પેટ્રોલીયમ પદાર્થ ભરી શકતા નથી કે પોતાનો ધંધો કરી શકતા નથી. પોલીસને ગુનાના કામે કબજે કરેલ મુદામાલની કોઈ જરૂરીયાત નથી. સદર કામે ટ્રાયલ ચાલીને નીકાલ થવામાં લાંબો સમય જાય તેમ છે. પેટ્રોલીયમ પદાર્થ બગડી જાય કે નાશ પામે તેવી પરિસ્થિતિ હોઈ, અરજદારને ધંધામાં નુકશાની થાય તેમ છે. મુદામાલ અરજદારને વચગાળાની કસ્ટડી તરીકે સોંપવામાં આવશે તો અરજદાર નામ.કોર્ટ ફરમાવે તેવી શરતોનું પાલન કરવા તૈયાર છે. જેથી, સદર

તમામ હકીકતો ધ્યાને લઈ મે. એડી.ચીફ જ્યુડી. મેજી.શ્રીએ ફો.પ.અ.નં.૩૯/૨૬ ના કામે કરેલ હુકમ રદબાતલ જાહેર કરી સદર કામે સીલ કરેલ મુદામાલ પેટ્રોલીયમ પદાર્થની વચગાળાની કસ્ટડી અરજદારને સોંપવાનો હુકમ કરવા અરજ ગુજારેલ છે.

(૩) અરજદાર તર્ફે વિદવાન વકિલશ્રી એમ.બી.ડાંગર નાઓએ દલીલો કરતાં જણાવેલ છે કે, એફ.એસ.એલ. રીપોર્ટથી સદર મુદામાલ ડીઝલ છે તેવું સાબીત થાય છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, ભારત સરકારશ્રીના પેટ્રોલીયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલય દવારા બહાર પાડવામાં આવેલ તા.૩૦–૪–૧૯ ના જાહેરનામા મુજબ લેવાના થતા ના–વાંધા પ્રમાણપત્ર તથા અન્ય સુચનાઓનું પાલન કરવાનું રહે છે, જે અન્વયે માર્ક–૩/૧૦ થી કલેકટરશ્રી, ભુજ–કચ્છ નાઓનું એન.ઓ.સી. રજુ છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, એફ.આઈ.આર.માં જણાવેલ છે કે, બેઝ ઓઈલ તથા બાયો ડીઝલ કે શંકાસ્પદ પેટ્રોલીયમ પદાર્થ વેચાણ કરવા માટેના લાયસન્સ સરકારશ્રી પાસેથી મેળવવું જરૂરી છે. સદર મુદામાલ બેઈઝ ઓઈલ નથી, બાયોડીઝલ નથી કે શંકાસ્પદ પેટ્રોલીયમ પદાર્થ પણ નથી જેથી લાગુ પડતું નથી. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, એફ.આઈ.આર. માં જણાવેલ છે કે, પેટ્રોલીયમ પદાર્થનું માન્યતા ધરાવતુ એક્ષપ્લોસીવ લાયસન્સ સરકારશ્રી પાસેથી મેળવવું જરૂરી છે તથા પેઢી માલીકી દવારા સ્ટોરેજ લાયસન્સ સરકારશ્રી પાસેથી મેળવવું જરૂરી છે. જે અન્વયે માર્ક–૩/૮ થી ભારત સરકારના વાણીજ્ય અને ઉદ્યોગ મંત્રાલયનું પેટ્રોલીયમ તથા વિસ્ફોટક સુરક્ષા સંગઠનનું લાયસન્સ રજુ છે, જેના બીજા પેજ

ઉપર સ્ટોરેજ લાયસન્સ આવેલ છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, એફ.આઈ.આર.માં જણાવેલ છે કે, ડેનસીટી રજીસ્ટર તથા તેના સંલગ્ન સાધનો ઉપલબ્ધ રાખવા જરૂરી છે. ડેનસીટી રજીસ્ટર અરજદારને લાગુ પડતું નથી. અરજદાર પેટ્રોલીયમ પદાર્થનું વેચાણ કરતા નથી કે ભેળસેળ કરતા નથી. અરજદાર પોતાના જ વાહનમાં આ ડીઝલ વાપરે છે. એફ.એસ.એલ. ના રીપોર્ટમાં આ ડીઝલમાં ભેળસેળ કરેલાનું આવતું નથી. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, પોલ્યુસન કંટ્રોલ બોર્ડનું લાયસન્સ અરજદાર પાસે નથી. માર્ક–૩/૧૨ થી પો.ઈ.શ્રી, ગાંધીધામ ''બી'' ડીવી. પો.સ્ટે.નો અભિપ્રાય રજુ છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, ફાયર ટેન્કર પહોંચી શકે તેમ છે. નિયમોનું યોગ્ય રીતે પાલન કરેલ છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, જે તે જગ્યાએ સેફટી સાધનો રાખવા જરૂરી છે. પોલીસ કેસમાં સેફટી સાધનો નથી તેવું કયાંય જણાવેલ નથી. નામ.કોર્ટ જે હુકમ કરશે તે પ્રમાણે સેફટી સાધનો અરજદાર વસાવસે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, મુદામાલ બીલ મુજબ અરજદારનો છે તેવું પ્રસ્થાપિત થાય છે. જેથી, મુદામાલ શરતોને આધીન વચગાળાની કસ્ટડી તરીકે અરજદારને આપવા માટે અરજ કરેલ છે. વિ.વ.શ્રીએ પોતાની દલીલોના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ ઉપર આધાર રાખેલ છે.

૧. વજાભાઈ સવાભાઈ અવાડીયા વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, સ્પે.ક્રિ. અ.નં.૧૦૨૪૮/૨૧.

૨. મીડલેન્ડ ઓઈલ કોર્પોરેશન લી. થારો કલાડીયા મહોંમદ અફરાઝ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, સ્પે.ક્રિ.અ.નં.૧૧૬૬૨/૨૧.

૩. અવતારસીંગ અને બીજાઓ વિરુધ્ધ સ્ટેટ ઓફ પંજાબ, સ્પે.ક્રિ. અ.નં.૧૭૧૧/૧૧.

૪. સુંદરલાલ અંબાલાલ દેસાઈ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત.

૫. જૈન સેલ્સ કોર્પોરેશન વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત અને બીજાઓ, સ્પે. ક્રિમીનલ એપ્લીકેશન નં.૯૪૬૩/૨૪

૬. રાજેન્દ્ર વિરુધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન મારફતે પબ્લીક પ્રોસીકયુટર, ક્રિમીનલ એપ્લીકેશન નં.૩૦૭૯/૨૨.

(૪) સરકાર તર્ફે વિ.એ.પી.પી.સુશ્રી એચ.પી.ગઢવી નાઓએ દલીલો કરતાં જણાવેલ છે કે, તપાસ કરનાર અમલદારશ્રીનો મુદામાલ અભિપ્રાય ધ્યાને લઈ યોગ્ય હુકમ કરવા અરજ ગુજારેલ છે.

(૫) બંને પક્ષના વિ.વ.શ્રીઓ ની દલીલો તેમજ અરજીમાંના દસ્તાવેજો તેમજ ગાંધીધામના વિધ્વાન એડી. ચીફ જયુડી. મેજી.શ્રી નાઓએ કરેલ વાદગ્રસ્ત હુકમ વગેરે ધ્યાનમાં લીધેલ છે. ઉપરોકત વિગતો તથા રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાના આધારો વિગેરે ધ્યાને લઈ હાલના તબકકે અરજીના નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :

**-:: મુદા ::-**

(૧) શું નીચલી કોર્ટ ધ્વારા ફો.પ.અ.નં.૩૯/૨૬ ના કામે તા.૧૩-૦૨-૨૦૨૬ ના રોજ અરજદારની અરજી નામંજૂર કરતો જે હુકમ કરેલ છે તે હુકમ અન્યાયી, ભૂલ ભરેલો અને કાયદાની પ્રસ્થાપિત જોગવાઈઓ વિરૂધ્ધનો હોઈ તે રદ કરવાપાત્ર છે?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણય નીચે મુજબ છે :

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**-: કા ર ણો :-**

**મુદ્દા નં. ૧ અને ૨ ની સંયુકત ચર્ચા:-**

(૭) બંને પક્ષના વિ.વ.શ્રીઓ ની દલીલો તેમજ લોઅર કોર્ટનો હુકમ વંચાણે લીધો. અરજદારે હાલની અરજી ક્રિ.પ્રો.કો. કલમ-૪૩૮ અન્વયે કરેલ છે અને તેમાં કરેલ જોગવાઈઓ ધ્યાને લેતાં જે કેસમાં કાયદા ધ્વારા અપીલ કરવા માટેની જોગવાઈ કરવામાં આવેલ ન હોય અને અપીલ સિવાય અન્ય કોઈ ઉપાય કાયદા ધ્વારા ઉપલબ્ધ જણાયેલ ન હોય તો તે કારણે પક્ષકારને અન્યાય થવાની શકતા રહે છે અને તેથી રિવિઝન માટે વિશેષ જોગવાઈ કલમ-૪૩૮ તથા ૪૪૦ માં ક્રિ.પ્રો.કોડમાં કરવામાં આવેલ છે. કલમ-૪૩૮ ની જોગવાઈઓ ધ્યાને લઈએ તો રિવિઝન અરજીની સુનાવણી દરમ્યાન જે પુરાવો રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોય તેનું પુન: મૂલ્યાંકન થઈ શકે નહીં. પરંતુ નીચલી અદાલત ધ્વારા જે હુકમ કરવામાં આવ્યો હોય, તે કાયદાની જોગવાઈ અને કાર્યરીતિ અન્વયે કરવામાં આવેલ છે કે કેમ, માત્ર તેની કાયદેસરતા જ રિવિઝન અરજી ચલાવતી વખતે અત્રેની અદાલતે ધ્યાનમાં રાખવાની છે. ટૂંકમાં જે કાયદા ધ્વારા આદેશ કરવામાં આવેલ હોય, તેમાં યોગ્ય કાનૂની જોગવાઈ લાગુ કરવામાં આવેલ હોય, તે પ્રસ્થાપિત કાનૂન વિરૂધ્ધ ન હોય તે જોવાની ફરજ રિવિઝનની સતાનો અમલ કરતી અદાલતને છે. તે મહત્વનો હેતુ ધ્યાનમાં રાખી નીચેની અદાલત ધ્વારા જે નિર્ણય

કરવામાં આવેલ હોય કે જે આદેશ કરવામાં આવ્યો હોય તેની કાયદેસરતા અને યોગ્યતા બાબતે રિવિઝનમાં નિર્ણય કરી શકાય તે મુજબની મહત્વની જોગવાઈ ધ્યાને રાખી રિવિઝન અદાલતની સતા આ અદાલતના મંતવ્ય મુજબ ખૂબ જ સીમીત અને મર્યાદિત છે. જયાં સુધી આપવામાં આવેલ તારણ અથવા હુકમ યોગ્ય ન હોય ત્યાં સુધી નિર્ણય ભૂલ ભરેલો ન હોય અને કાયદાની જોગવાઈનું પાલન થયેલ ન હોય અને પક્ષકારના પુરાવાને વિચારણામાં લીધેલ ન હોય ત્યાં સુધી રિવિઝનની સતાનો ઉપયોગ કરી શકાય નહિં. ટૂંકમાં જયારે ન્યાયિક વિવેકબુધ્ધિનો આપખુદ રીતે અમલ કરવામાં આવેલ હોય અને તે કારણે કાર્યવાહીના પક્ષકારને અન્યાય થવાની સંભાવના હોય ત્યારે જ રિવિઝનની સતા અદાલતે ઉપયોગ કરવાની છે. જે કોર્ટની સમક્ષ કાર્યવાહી ચાલી રહી છે તેમાં કોઈને અન્યાય ના થાય, અને ન્યાય કયારેય અધુરો હોય શકે નહીં અને ન્યાય સંદિગ્ધ પણ હોય શકે નહીં અને તે પરિસ્થિતીને પહોંચી વળવા માટે રિવિઝનના પ્રબંધો કરવામાં આવેલ છે. આમ, ન્યાયનો હેતુ પાર પાડવાના ઉદ્દેશથી રિવિઝનના પ્રબંધો કરવામાં આવેલા છે. જે કોઈપણ હુકમ કરવામાં આવ્યો હોય મર્યાદા બહાર ન જવો જોઈએ અને કાયદાનું જડ રીતે અર્થઘટન કરી કાનૂની હેતુ માર્યો ન જાય તે પણ અદાલતે જોવાનું છે. રીવિઝન ચલાવતી અદાલતે પ્રત્યેક કિસ્સા માં ક્ષતિ શોધવાની નથી અને કાયદેસરતાનું વિસ્તૃત રીતે વિશ્લેષણ કરવાનું નથી. પરંતુ જયારે કાયદેસરતા ન જાળવવાના કારણે ન્યાયનો હેતુ નિષ્ફળ જતો હોય અને ટ્રાયલ કોર્ટનો નિર્ણય સ્પષ્ટપણે ભૂલ ભરેલો હોય, અને પુરાવાનું મૂલ્યાંકન વિકૃત પ્રકારનું હોય અને કરવામાં આવેલો આદેશ રેકર્ડ ઉપરના પુરાવાથી

વિરૂધ્ધ કરવામાં આવેલો હોય રિવિઝનની સત્તાનો અમલ કરતી અદાલત તેમાં હસ્તક્ષેપ કરી શકે. તે સિવાય ટ્રાયલ કોર્ટના હુકમમાં હસ્તક્ષેપ કરી શકાય નહી. 2004(3) GLR-217, ઉપર સ્ટેટ વિ. એન.એમ.ટી. જોય ઈમેકયુલેટના કેસમાં નામ. સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે કે, રિવિઝનલ કોર્ટનું જયુરિસ્ડીકશન ખૂબ જ મર્યાદિત છે અને પ્રથમ દૃષ્ટિએ જ ટ્રાયલ કોર્ટનો હુકમ ગેરકાયદેસર જણાતો ન હોય તો તેમાં હસ્તક્ષેપ કરી શકાય નહીં અને કેસના મેરીટસમાં પણ જઈ શકાય નહીં.

(૮) ઉપરોકત ચર્ચા અને રિવિઝન કોર્ટની સત્તાની મર્યાદા ધ્યાને લઈ હાલની અરજી ધ્યાને લેતા અરજદારે હાલના વિ.એડી. ચીફ જયુડી. મેજી.શ્રીનાઓએ ફો.પ.અ.નં.૩૯/૨૬ ના કામે અરજી નામંજૂર કરતા હાલની અરજી કરેલ છે.

(૯) સદર કામે અરજદારે મુદામાલ મુદામાલ હાઈ સ્પીડ ડીઝલ બીએસ૬ આશરે ૨૪.૮૯૫ લીટર જથ્થો મેળવવા વિ.ટ્રાયલ રુબરુ અરજી કરતા જે અરજી નામંજુર થતા હાલની રીવીઝન અરજી દાખલ કરેલી છે. તે હુકમ ગેરકાયદેસર અને કાયદા વિરુધ્ધનો ઠરાવવા વિ. એડી.ચીફ જયુડી.મેજી.શ્રી ગાંધીધામ નાઓએ તા.૧૩–૦૨–૨૬ ના રોજ મુદામાલ અરજી લગત કરેલ હુકમ રદબાતલ ઠરાવી મુદામાલ અરજદારને પરત સોંપવા રજુઆત કરેલ છે. વિ. એડી.ચીફ જયુડી. મેજીશ્રી ગાંધીધામ નાઓનો કરેલ હુકમ વંચાણે લેતા તેઓએ પોતાના હુકમમાં નોંધેલ છે કે, ''આવો મુદામાલ પંપની આડમાં શંકાસ્પદ પેટ્રોલીયમ પદાર્થનો જથ્થો ગેરકાયદેસર રીતે વાહનોમાં ઈંધણ તરીકે ભરવા સંગ્રહ કરી સરકારશ્રીના ધારા–ધોરણ મુજબના કોઈપણ પરવાના કે વાંધા પ્રમાણપત્રો નહીં મેળવી સ્થાનિકે જવલનશીલ

પદાર્થ બાબતે કોઈ સેફટીના સાધનોની વ્યવસ્થા ન રાખી તથા માનવ જીંદગી જોખમાય તથા આમ જનતાની તંદુરસ્તીને નુકશાન થાય તે રીતે હવાને તંદુરસ્તી માટે દુષીત થાય છે તે પ્રકારનું કૃત્ય કરી આગ અથવા સળગી ઉઠે તેવા પદાર્થ અંગે બેદરકારીભર્યુ આચરણ કરેલ છે તે તમામ હકીકતો ગુનાની ટ્રાયલ પુર્ણ થયેથી નકકી થઈ શકે તેમ હોય'' તેમ ઠરાવી અરજી નામંજુર કરતો હુકમ કરેલ છે.

(૧૦) પક્ષકારોની રજુઆત ધ્યાને લીધી. સદર કામે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લીધા. વધુમાં, ત.ક.અ. દવારા મુદામાલ અરજીના કામે રજુ આંક–૬ નો અભિપ્રાય, પંચનામું, એફ.એસ.એલ. ગાંધીનગરનો અભિપ્રાય તેમજ મુદામાલ પાવતીની નકલ વિગેરે વંચાણે લીધા. સદર કામે ગાંધીધામ ''બી'' ડીવી. પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૧૯૯૩૦૦૭૨૫૦૧૪૬/૨૫ ના કામે બી.એન.એસ.ની કલમ–૨૮૦,૨૮૭,૫૪ મુજબના ગુનાના કામે મુદામાલ હાઈ સ્પીડ ડીઝલ બીએસ૬ આશરે ૨૪.૮૯૫ લીટર જથ્થો કબજે કરવામાં આવેલ હોવાનું જણાઈ આવે છે. સદર કામે રજુ થયેલ એફ.એસ.એલ. ગાંધીનગરનો મુદામાલ પૃથ્થકરણ અહેવાલના અભ્રિપાય મુજબ, એનેક્ષર–I ના આધારે નમનુનાનું પ્રવાહી I.S. 15607-2016 (સ્પેશીફીકેશન ફોર BIO-DIESEL (B100) સ્ટેન્ડ અલોન ફયુઅલ એન્ડ બ્લેન્ડ સ્ટોક ફોર ડીઝલ ફયુઅલ) મુજબની ઉપરોકત લાક્ષણીકતાઓની જરૂરીયાતોને સંતોષતું નથી. તેમજ એનેક્ષર–II ના આધારે નમુનાનું પ્રવાહી I.S. 1460-2017 (સ્પેશીફીકેશન ફોર ઓટોમોટીવ ડીઝલ ફયુઅલ) મુજબની ભારત સ્ટેજ VI ડીઝલ (એચ.એસ.ડી.) ની ઉપરોકત લાક્ષણીકતાઓ

પૈકીની ક્રમ નં.ર ની જરૂરીયાતને સંતોષતું નથી. તેમજ એનેક્ષર–III ના આધારે નમુનાનું પ્રવાહી I.S. 15770-2008 (સ્પેશીફીકેશન ફોર લાઈટ ડીઝલ ઓઈલ) મુજબ એલ.ડી.ઓ. ની લાક્ષણીકતાઓ પૈકીની ક્રમ નં.ર અને ૩ ની જરૂરીયાતોને સંતોષતું નથી. ઉપરોકત ચર્ચા કરી તે અનુસાર અરજદારના પાર્થ લોજીસ્ટીકના વાડામાંથી કબજે લેવામાં આવેલ પ્રવાહી પ્રથમદર્શનીય રીતે એફ.એસ.એલ. તરફથી રજુ કરવામાં આવેલ અભિપ્રાય મુજબ સ્ટેન્ડ અલોન ફયુઅલ એન્ડ બ્લેન્ડ સ્ટોક ફોર ડીઝલ ફયુઅલ, સ્પેશીફીકેશન ફોર ઓટોમોટીવ ડીઝલ ફયુઅલ, સ્પેશીફીકેશન ફોર લાઈટ ડીઝલ ઓઈલની લાક્ષણીકતાઓ સંતોષતું ન હોવાનો અભિપ્રાય એફ.એસ.એલ. ગાંધીનગરના બાયોલોજીકલ પરીક્ષણના અહેવાલમાં આપવામાં આવેલો છે. આવા સંજોગોમાં અરજદાર તરફેની એ દલીલ સાથે હું સહમત થતો નથી કે, સદર મુદામાલ બાયો–ડીઝલ છે. વધુમાં અરજદાર તરફે જૈન સેલ્સ કોર્પોરેશન વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત અને બીજાઓ, સ્પે. ક્રિમીનલ એપ્લીકેશન નં.૯૪૬૩/૨૪ ના ચુકાદામાં નામ. ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, જયારે એફ.એસ.એલ. તરફથી કેમીકલ હાઈડ્રોકાર્બન છે કે કેમ તે સબંધે સ્પષ્ટ અભિપ્રાય આપવામાં ન આવેલો હોય ત્યારે કબજે લીધેલ મુદામાલ નામ.હાઈકોર્ટ દવારા પરત કરવાનો હુકમ કરવામાં આવેલ હતો. હાથ ઉપરના કેસમાં સદર ચુકાદો મદદરૂપ નીવડે તેમ નથી, કારણકે હાથ ઉપરના કેસમાં સ્પષ્ટ રીતે ફલીત થાય છે કે કબજે લેવામાં આવેલ મુદામાલનો નમુનો પૃથ્થકરણના અહેવાલમાં તેમજ સ્ટાન્ડર્ડ મુજબની જરૂરી લાક્ષણીકતા સંતોષતું નથી. આવા સંજોગોમાં મુદામાલ અરજદારને પરત આપવાનો ન્યાયોચિત માનતો નથી. આમ,

ઉપરોકત ચર્ચા કરી તે અનુસાર અરજદારને મુદામાલ પરત ગાંધીધામના વિધ્વાન એડી. ચીફ જયુડી. મેજી.શ્રી નાઓએ ફો.પ.અ.નં.૩૯/૨૬ ના કામે તા.૧૩–૦૨–૨૦૨૬ ના રોજ કરેલ હુકમમાં કોઈ હસ્તક્ષેપ કરવો કે ફેરફાર કરવો ન્યાયિક અને ઉચિત જણાતું ન હોઈ, મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં ઠરાવી, મુદ્દા નં. ૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

(૧) અરજદારની હાલની રીવીઝન અરજી **નામંજુર** કરવામાં આવે છે.

(૨) ગાંધીધામના વિધ્વાન એડી. ચીફ જયુડી. મેજી.શ્રી નાઓએ ફો.પ.અ.નં.૩૯/૨૬ ના કામે અરજદારની મુદામાલ પરત મેળવવાની અરજી લગત કરેલ તારીખ ૧૩–૦૨–૨૦૨૬ ના રોજનો હુકમ આથી કાયમ રાખવામાં આવે છે.

(૩) સદર હુકમની એક નકલ સબંધીત ટ્રાયલ કોર્ટને યાદી સાથે લેખિતમાં મોકલવી.

આ હુકમ આજ રોજ તા.૨૭મી, માહે–એપ્રીલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

ગાંધીધામ–કચ્છ.
તા.૨૭–૦૪–૨૦૨૬

(એ.એમ. મેમન)
ચોથા એડીશનલ સેશન્સ જજ
ગાંધીધામ–કચ્છ.
(જજ કોડ નં.જીજ૦૦૬૭૪)